## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



બેટા... જે રીતે દર સો કિલોમીટરે એક ઈન્ટરનેશનલ એરપોર્ટ બનવા મંડ્યા છે ને... એ પ્રમાણે તું જોજે દર કિલોમીટરે એક શૌચાલય પણ બની જ જશે...

# રાંધેજા બેઠકની પેટા-ચૂંટણીમાં ૫૫ ટકા મતદાન

### મંગળવારે સવારે મામલતદાર કચેરી ખાતે મતગણતરી હાથ ધરાશે : ૧૦ વાગ્યા સુધીમાં પરિણામ મળી જશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા પંચાયતની રાંધેજા બેઠક માટે આજે યોજાયેલ મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. આ બેઠકની પેટા-ચૂંટણીમાં ૫૫ ટકા મતદાન નોંધાતા સૌની નજર પરિણામ પર મંડાઈ છે.

મંગળવારે સવારે ગાંધીનગર મામલતદાર કચેરી ખાતે આ મતગણતરી યોજાશે. આ પેટા ચૂંટણીમાં ત્રીપાંખીયો જંગ હતો અને વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે આ બન્ને પક્ષો માટે મહત્વનો જંગ બની રહ્યો છે.

કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારની પસંદગીને લઈ થયેલી ઉગ્ર બોલાચાલીએ આ ચૂંટણીની સૌથી મોટી ઘટના બની રહી છે. બન્ને પક્ષોએ મતદારો સાથેના સંપર્ક અભિયાન પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ.

આજે યોજાયેલ આ પેટા ચૂંટણીના સાતેય મતદાન મથકો સંવેદનશીલ હોવાથી પોલીસે પુરતો ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. જો કે કોઈ જ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી.

આજના જંગમાં વાસણ ખાતે મતદારોનો ઉત્સાહ પ્રમાણમાં સારો જોવા મળતો હતો. વાસણમાં નોંધાયેલા ૨૯૫૦ મતદારો પૈકી ૧૯૭૭ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે રાંધેજામાં મતદારોમાં બહુ ઉત્સાહ જોવા મળતો ન હતો. કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર રાંધેજાના હોવા છતાં મતદારોએ ઉદાસીન વલણ છતુ કર્યું હતું.

રાંધેજામાં નોંધાયેલા ૩૨૫૭ મતદારો પૈકી ૧૪૨૩ મતદારોએ જ મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

મંગળવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ચૂંટણીનું પરિણામ જાહેર થઈ જશે. મતગણતરી માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

તાલુકા પંચાયતની મુદત પણ ફેબ્રુઆરીમાં પૂરી થઈ રહી હોવાથી વિજેતા સભ્યને માંડ છ માસ જેટલો ટુંકો ગાળો કામ માટે પ્રાપ્ત થશે. આ પેટા-ચૂંટણી હોવાથી પણ મતદાન ઓછુ રહ્યાનું મનાઈ રહ્યું છે. જો કે બન્ને પક્ષોએ વિજયના દાવા કર્યા છે.

## દિવાળીને પગલે બજારમાં ફેન્સી ગીફટ બોક્સનું આગમન

ગાંધીનગર, તા.૮

દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે બજારમાં દિવાળીને અનુલક્ષી બજારમાં અવનવા ફેન્સી ગીફટ બોક્ષનું આગમન થઈ ચુક્યું છે. બજારમાં મીઠાઈ તેમજ ડ્રાયફ્રુટના રૂ.૩૦૦ થી લઈને ૪૦૦૦ સુધીના ગીફટ બોક્ષ ઉપલબ્ધ છે. જયારે આ વર્ષે બજારમાં ગાડુ, બગી, સાયકલ, કારવીંગ ડીઝાઈનના વિવિધ બોક્ષે ગ્રાહકોમાં આકર્ષણ જમાવ્યું છે.

દિવાળી આવતા બજારોમાં ગીફટ બોક્ષની બોલબાલા વધી જવા પામે છે. દિવાળીના પવિત્ર તહેવારે દરેક વ્યકિત પોતના સ્નેહીજનોને મીઠાઈ આપી મોં મીઠું કરાવે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે, પુંઠાના આપવામાં આવતી મીઠાઈનું સ્થાન અવનવા ફેન્સી બોક્ષ તેમજ વિવિધ આકર્ષણરુપ ટ્રે



એ લઈ લીધુ છે. જયારે જમાનાની સાથે સાથે ટ્રેન્ડ બદલાતા વિવિધ મીઠાઈનું સ્થાન ડ્રાયફ્રુટે લઈ લીધુ છે.પરંતુ માવાની મીઠાઈનું સ્થાન આજેપણ અકબંધ રહેવા પામ્યું છે. શહેરની મીઠાઈની દુકાનમાં ઓકસોડાઈસમાં મીનાવાળા અને પેલ બોકસ આવી પહોચ્યા છે. જેમાં પિટારા, સંદુક ગાડું, સાયકલ, બોટ-બાસ્કેટલ, બગી, પીંજરુ, મેટલના ચોકલેટના ડબ્બા,હેમ્પર બાસ્કેટ, ચોકલેટ બોક્ષ,સહિત એલ્યુમિનિયમ થાળનો સમાવશે થાય છે.જયારે કારવીંગવાળી કોતરાયેલી ડિઝાઈનનું બોક્ષ, ફેન્સી ટ્રે એ આકર્ષણ જમાવ્યું છે. માવાની મીઠાઈના ગીફટ બોક્ષ રૂ.૨૦૦ થી ૧૫૦૦ સુધીમાં હોય છે જયારે ડ્રાયફ્રુટ ટ્રે અને બોક્ષ રૂ.૩૦૦ થી લઈને રૂ.૪૦૦૦ સુધીમાં ઉપલબ્ધ છે. પરંતુ રૂ.૧૦૦૦ થી ૧૫૦૦ સુધીની ડ્રાયફ્રુટની ટ્રેનું વેચાણ વધુ થાય છે તેમ વેપારી જણાવી રહ્યા છે. ગત્ વર્ષે ચોકલેટ બાસ્કેટનો ક્રેઝ હતો પરંતુ આ વર્ષે જોઈએ તેટલો ક્રેઝ રહ્યો નથી વેપારીઓનું માનવુ છે.

## શહેરના ગામોમાં પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ ટૂંકમાં શરૂ કરાશે

### શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવાયા બાદ હવે ટાંકી, સંપ તેમજ પાઇપલાઇનનુ કામ હાથ ધરાશે : ૩,૪૮ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા અગાઉ નવા બોર બનાવવામાં આવ્યા હતા. જયારે પાણીની પોકારને શાંત કરવા માટે દાયકાઓના અંતે ગામોમાં નવી ટાંકી તેમજ સંપ બનાવવા ઉપરાંત પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરાશે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પાઈપલાઈન સહીતની કામગીરી પાછળ અંદાજિત રૂ ૩.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી વિસ્તારના ગામોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા પેચીદી બની છે. જેના લીધે ગ્રામજનોમાં રોષ પ્રવર્તાયો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં છાશવારે પાણીની બુમ ઉઠતી રહે છે. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીમાં પણ ચઢ ઉતાર હોવાના લીધે ગામોના કેટલાક વિસ્તારમાં પાણી ફોર્સથી આવતુ નથી. ગરમીના દિવસોમાં બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાય છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણી રસ્તા અને ગટર સહીતની માળખાગત સુવિધાઓ ખાડે ગઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે પાણીની સમસ્યાને ડામવા અગાઉ લાખોના ખર્ચે નવા બોર બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. જયારે હવે પાણી પુરતા ફોર્સથી પહોંચે તે માટે પાઈપલાઈનને પણ અપગ્રેડ કરાશે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા ઘણી જુની છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીના પ્રશ્નને હલ કરવા માટે તંત્ર દ્વારા પ્રાથમિક ધોરણે બોર બનાવવાની કામીગીરી પુર્ણ કરી દેવાઈ છે. જો કે બોરને અનુલક્ષી હજુ ઈલેક્ટ્રીફિકેશનનુ કામ પુર્ણ થયુ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે નવા બોર બનાવવા ઉપરાંત હવે પાણીની ટાંકી , સંપ તેમજ આનુસંગિક પાઈપલાઈન બનાવવા માટે પણ ટુંકમાં કામ શરૂ કરાશે. આ કામગીરી પાછળ રૂ ૩.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહમાં કામ પણ શરૂ કરી દેવાશે. પાઈપલાઈન સહીતની કામગીરી પુર્ણ થયા બાદ આગામી ઉનાળા દરમિયાન ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ મનાઈ રહયુ છે.

## નીટના વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષણ વિભાગનો મહત્વનો નિર્ણય

આગામી વર્ષ ૨૦૧૮માં નીટ (NEET)ની પરીક્ષાઓની વિદ્યાર્થીઓ સારી રીતે તૈયારીઓ કરી શકે અને પરીક્ષા-અભ્યાસલક્ષી માર્ગદર્શન મેળવી શકે તે માટે શિક્ષણ વિભાગે આયોજન કર્યુ હોવાનું શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. આ આયોજન અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ‘બાયસેગ’ના માધ્યમથી ‘વંદે ગુજરાત’ ચેનલ દ્વારા નીટ (NEET)ની પરીક્ષા માટે ફિઝિક્સ, મેથ્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયોના નિષ્ણાત શિક્ષકોના લેક્ચર્સ પ્રસારિત કરાશે.

## દિવાળી વેકેશનમાં ધાર્મિક સ્થળોએ હવે, ફરવા જવાનુ આકર્ષણ ઘટ્યું

### વેકેશનમાં ફરવા જવા માટે એડવાન્સ બુકિંગમાં વધારો નોંધાયો : હરવા-ફરવા જવાના સ્થળો પર વધુ પસંદગી

ગાંધીનગર, તા. ૮

દિવાળી આવી... ખુશીઓ લાવી... એવું કહેવાય છે કે સામાન્યમાં સામાન્ય માનવી પણ આખુ વર્ષ મહેનત કરીને દિવાળીની રાહ જોતો હોય છે. દિવાળીમાં સૌ કોઈને કોઈપણ રીતે ખુશ થવુ હોય છે. એટલે જ દિવાળી એ ખુશીઓનો તહેવાર ગણાય છે. છેલ્લા કેટલાંક વર્ષોથી શહેરમાં દિવાળી વેકેશન દરમ્યાન ફરવા જવાનો ટ્રેન્ડ ખૂબ વધી જવા પામ્યો છે. આ વર્ષે પણ દિવાળીને હવે ગણતરીના દિવસો વધ્યા છે ત્યારે શહેરના ટૂર્સ અને ટ્રાવેલ્સ એજન્સીઓમાં બુકિંગમાં વધારો થતો જોવાઈ રહ્યો છે. એક ખાનગી ટૂર્સ ઓપરેટરના જણાવ્યા મુજબ આ વર્ષે ધાર્મિક સ્થળોની પસંદગી પ્રવાસીઓ દ્વારા ઓછી કરવામાં આવી રહી છે.

દિવાળીના વેકેશનમાં પરિવાર અને મિત્રવર્તુળ સાથે ફરવા જવાના ક્રેઝમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં હાલ શાળા કોલેજોમાં પરીક્ષાઓ ચાલી રહી છે પરંતુ વાલીઓ દ્વારા આગામી દિવાળી વેકેશનમાં બહારગામ ફરવા માટે જવાના આયોજનો હાથ ધરાઈ ચુક્યા છે. છેલ્લી ઘડીએ ટ્રેન કે લકઝરીબસ ઉપરાંત હોટેલ્સનું બુકિંગ મળે નહી તેવી સમસ્યા ના સર્જાય તે હેતુથી અત્યારથી બુકિંગમાં વધારો થઈ રહ્યો છે. વળી, અત્યારે હજુ જુના ભાવ મુજબ જ બુકિંગ ચાલુ હોવાથી અનેક નગરજનો એડવાન્સ બુકિંગ કરાવી લેવુ હિતાવહ માની રહ્યા છે. એક ખાનગી ટૂર્સ ઓપરેટરના જણાવ્યા મુજબ આગામી તા. ૧૫મી પછી ભાડામાં વધારો થશે તેથી અત્યારે બુકિંગ નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. વળી, આ વર્ષે દિવાળી વેકેશનમાં શહેરના પરિવારો રાજસ્થાન, ગોવા, સીમલા અને મનાલી જેવા ફરવાના સ્થળોની વધુ પસંદગી કરી રહ્યાં છે અને ધાર્મિક સ્થળોના બુકિંગમાં નબળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જે કારણે અનેક ટ્રાવેલ્સ ઓપરેટર્સ તેમના ધાર્મિક પ્રવાસની ટ્રીપો ઓછી કરી હરવા ફરવાના સ્થળોની ટ્રીપોમાં વધારો કર્યો છે.




પેથાપુરમાં જાહેરસભા : ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ૩૫-ઉત્તર વિધાનસભા વિસ્તારમાં પેથાપુર ખાતે જંગી જાહેરસભા યોજાઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને તેજાબી વક્તા શ્રી શક્તિસિંહ ગોહિલે ભારતીય જનતા પાર્ટીની સરકારો પર આકરા પ્રહારો કરી આગામી ચૂંટણીમાં કોંગ્રેસને મત આપવા અપીલ કરી હતી. આ સભામાં જિલ્લા હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્ર કે રાજ્યમાં કોઈ શાસન ઉથલાવવું હોય તો મહિલાને આગળ કરો, દેશમાં દાખલા અનેક છે!

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

આપણા ભારત દેશમાં જો કોઈનું વર્ષો જૂનું શાસન ઉથલાવવું હોય તો મહિલાને આગળ કરવી જોઈએ, કેમ કે એવા દાખલા છે કે મહિલાને આગળ કરતાં ભલભલું શાસન ઉથલી શકે છે. પશ્ચિમ બંગાળમાં ૩૪ વર્ષ જૂનું ડાબેરીઓનું શાસન બંગાળની વાઘણ કહેવાય છે તે મમતા બેનરજીએ ઉછાળવ્યું હતું. મધ્યપ્રદેશમાં કોંગ્રેસના દિગ્વિજયસિંહનું શાસન ભાજપની ઉમા ભારતીએ ઉથલાવ્યું હતું. રાજસ્થાનમાં વસુંધરા રાજે એ કોંગ્રેસનું શાસન ઉથલાવ્યું છે. ઉત્તરપ્રદેશમાં માયાવતીએ શાસન બદલ્યું હતું. ગુજરાતમાં પણ ૨૨ વર્ષ જૂની ભાજપની સરકારને બદલવી હોય તો કોંગ્રેસે મજબૂત અને શક્તિશાળી મહિલાની શોધ કરવી જોઈએ અને ચૂંટણીની તારીખ સાથે જ કોઈ મહિલાને ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે જાહેર કરવા જોઈએ. આવું જ ભારતમાં બની શકે- ૨૦૧૯માં એનડીએ સરકારને ઉછાળવવી હોય તો કોંગ્રેસે પ્રિયંકા ગાંધીને મેદાનમાં લાવવા જોઈએ. મહિલાની શક્તિનો અંદાજ મેળવવા માટે કોંગ્રેસે તેની વ્યૂહરચના ગુજરાતથી જ બદલવી જોઈએ.

### સરકાર એવી મોબાઇલ ડિરેક્ટરી બનાવે કે ઓફિસરનું નવું પોસ્ટીંગ આવી જાય

**મોદી વિરોધીઓ ગરજે છે પણ વરસી શકતા નથી...**

ભારતમાં નરેન્દ્ર મોદીના વિરોધીઓ ગરજે છે પરંતુ વરસી શકતા નથી, કારણ કે તેમનામાં વરસી શકે એટલું પાણી હોતું નથી. શરૂઆતમાં મોદીએ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી અને યશવંતસિંહાને ટીકીટ આપી ન હતી તેથી તેઓ સરકારથી નારાજ હતા. અડવાણીની મોદી વિરૂદ્ધની ટીકાઓ જોઈને એવું લાગતું હતું કે ખલાસ- અડવાણી ભાજપને રામરામ કરશે અથવા તો રાજકીય સન્યાસ લઈ લેશે. આજે નોટબંધી અને જીએસટીના નામે કોંગ્રેસમાં જેટલો વિરોધ થાય છે તેટલો જ વિરોધ ભાજપમાં છે પરંતુ આ વિરોધ કરનારા ચહેરા જોઈએ તો યશવંતસિંહા છે કે જેમને બ્રિક્સ બેન્કના ચેરમેન થવું છે. અરૂણ શૌરી કે જેમને મંત્રીપદ જોઈએ છે. શત્રુધ્નસિંહા કે જેમને બિહારના મુખ્યમંત્રી થવું છે. ભાજપના રાજકારણમાં ક્યાંય કોઈનો ઈગો ટકરાય છે. ક્યાંય નેતાગીરી સામે બંડ પોકારવામાં આવે છે. કોઈ અધુરી ઈચ્છાઓ તડપ્યા કરે છે. આવા લોકો એકલશૂરા હોય છે અને અંતે અટવાઈ જાય છે. કોઈએ ખૂબ કહ્યું છે કે – રાજકારણમાં સમયસરની નિવૃત્તિનો અભાવ હોય છે એટલે ૧૭ વર્ષે રાજકારણમાં જોડાયેલા ૭૭ વર્ષ સુધી પોતાનો પગંત ચગે એટલા માટે ઠમકા માર્યા કરે છે. આ લોકો એમ સમજતા નથી કે તેમનો સમય પૂરો થયો છે. હવેનો સમય તેમણે જે ઈમેજ બનાવી છે તેને કમાવી લેવાની છે. આવા નેતાઓ દિલ્હીમાં જ નથી, સર્વત્ર છે. ગુજરાતમાં પણ છે. આજે ગુજરાતમાં પણ એવાં કેટલાક નેતાએ છે જેઓ ૭૫ પૂરાં કર્યા છે છતાં સીએમના સપનાં આવે છે.

**ટેલિફોન ડિરેક્ટરી ડિજીટલ હોવી જોઇએ...**

સચિવાલયમાં એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે સરકાર તેનો સમગ્ર વહીવટી પેપરલેસ બનાવી રહી છે ત્યારે સચિવાલયની ટેલિફોન ડિરેક્ટરી ડિજીટલ હોવી જોઈએ, કેમ કે તાજેતરમાં જ સરકારે એક ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડી છે. ફાયનાન્સ મિનિસ્ટ્રીની મંજૂરી લઈને આ ડિરેક્ટરી બનાવવા જીએડીએ ખૂબ ખર્ચો કર્યો છે પરંતુ ચૂંટણી આવ્યા પહેલાં જ મોટાભાગના ઓફિસરો બદલાઈ ચૂક્યાં છે ત્યારે આ ડિરેક્ટરીનો કોઈ અર્થ રહેતો નથી. સરકાર શા માટે ટેલિફોન ડેરેક્ટરીના ખર્ચા કરે છે તે સમજાતું નથી. સરકારે હવે ડિજીટલ ડિરેક્ટરી બનાવવી જોઈએ કે જેથી ઓફિસર બદલાય એટલે તેનું નામ અને ટેલિફોન નંબર બદલી શકાય. ડિજીટલ ગુજરાતની વાતો થાય છે પરંતુ સરકાર હજી પેપરવર્કને ભૂલી નથી. સરકારે એવી ડિજીટલ ડિરેક્ટરી બનાવવી જોઈએ કે જેમાં નામ લખીએ એટલે એ ઓફિસરની બદલાયેલી ઓફિસનું સરનામું અને ટેલિફોન નંબર આવી જાય. આ ડિરેક્ટરીની મોબાઈલ એપ્લિકેશન પણ બની શકે છે. સરકારને જેટલો પ્રિન્ટિંગનો ખર્ચ થાય છે તેના કરતાં અડધા ખર્ચમાં સરકાર મોબાઈલ ડિરેક્ટરી બનાવી શકે છે.

**ભાજપમાં સીએમ નહી સુપર સીએમ આવશે...**

ગુજરાતમાં ભાજપની સરકાર આવે તો મુખ્યમંત્રી કોણ બનશે? તે પ્રશ્નનો જવાબ મળી શકતો નથી, કારણ કે આ પહેલી ચૂંટણી એવી છે કે જેમાં ભાજપે મુખ્યમંત્રીના સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા નથી. આ પહેલાં ૧૯૯૫માં યોજાયેલી ચૂંટણીમાં કેશુભાઈ પટેલ હિરો હતા. ૧૯૯૮ની ચૂંટણીમાં પાર્ટીએ કેશુભાઈના નેતૃત્વમાં ચૂંટણી લડવાનું નક્કી કર્યું હતું. ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં તો સવાલ જ પેદા થતો ન હતો- મોદી મોદી અને મોદી જ હતા. ખુદ મોદીએ જ આ ચૂંટણીઓ જીતી હતી તેથી તેઓ ખુદ મુખ્યમંત્રી બન્યા હતા. હવે ૨૦૧૭માં સવાલ એ થાય છે કે શું પાર્ટી વિજયભાઈને મુખ્યમંત્રી તરીકે ચાલુ રાખશે કે અન્ય કોઈને પસંદ કરશે? પાર્ટી સૂત્રો કહે છે કે ભાજપમાં મુખ્યમંત્રીના દાવેદારોમાં પાંચ નામો સપાટી પર આવ્યા છે જેમાં પહેલું નામ વિજય રૂપાણીનું છે. બીજાક્રમે આનંદીબહેન પટેલ આવે છે. ત્રીજા અને ચોથા ક્રમે શંકર ચૌધરી અને જીતુ વાઘાણી આવે છે જયારે પાંચમાનંબરે પ્રદીપસિંહ જાડેજાનું નામ ચર્ચાઈ રહ્યું છે. સચિવાલયમાં તો એવું માનવામાં આવે છે કે મુખ્યમંત્રી કોઈપણ હોઈ શકે, ગુજરાતના સુપર ચીફ મિનિસ્ટરતો દિલ્હીમાં બિરાજમાન રહેવાના છે. બધાં આદેશો તો ત્યાંથી જ થવાના છે....

**લ્યો હવે, મોદીના જીવન પર ફિલ્મ બની રહી છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ગુજરાતી ફિલ્મ બની રહી છે. આ ફિલ્મને ભારતની તમામ ભાષાઓમાં ડબ કરવાનું પણ પ્લાનિંગ છે. ફિલ્મની કથા એક ચાયવાળો છોકરો દેશનો વડાપ્રધાન બન્યો છે- તે છે. ફિલ્મનું નામ- હું નરેન્દ્ર મોદી બનવા માગું છું. પીપલી લાઈવમાં નત્થાનો જેણે રોલ કર્યો હતો કે ઓમકાર દાસ માણિકપુરી આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મના ડાયરેક્ટર અનિલ નરયાની છે. તેમનો વિચાર આ ફિલ્મને ૧૭મી નવેમ્બરે રિલીઝ કરવાનો છે પરંતુ આ ફિલ્મ ચૂંટણી પંચની આચાર સંહિતામાં ફસાઈ શકે છે, કેમ કે ૨૦૧૨માં પણ મોદીની તરફેણ કરતી અને તેમનો વિરોધ કરતી ફિલ્મો પ્રદર્શિત કરવાની મંજૂરી માગવામાં આવી હતી પરંતુ ચૂંટણી પંચે તેને મંજૂરી આપી ન હતી. ચરિત્ર્ય અભિનેતા પરેશ રાવલ મોદીના જીવન પર ફિલ્મ બનાવવાનો વિચાર કરી રહ્યાં હતા ત્યારે જ મોદીએ તેમને આમંત્રણ આપીને લોકસભાની બેઠક આપી દેતાં તેઓ ફિલ્મ પૂરી કરી શક્યા ન હતા. જો પંચ વાંધો ઉઠાવે તો- હું નરેન્દ્ર મોદી બનવા માગું છું- ફિલ્મ ચૂંટણી પછી રિલીઝ થઈ શકે છે.

**સરકારમાં સીએનજી વાહનો અદ્રશ્ય થઇ ગયા છે...**

શેઠની શિખામણ ઝાંપાં સુધી હોય છે- એ ઉક્તિ ગુજરાત સરકારમાં લાગુ પડે છે. રાજ્યમાં સૌથી વધુ પોલ્યુશન ફેલાવતા વાહનોની જગ્યાએ સીએનજી વાહનોનો કન્સેપ્ટ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમલમાં મૂકી તમામ વાહનોને સીએનજીમાં પરાવર્તિત કરવાનો આદેશ કર્યો હતો. શરૂઆતમાં સરકારે વાહનોનું ઈંધણ બદલ્યું પરંતુ કોણ જાણે આજે સરકારમાં ૯૦ ટકા વાહનો ડિઝલ ઈંધણથી ફરી રહ્યાં છે. મોદીના ગયા પછી વાહનોમાં સીએનજીનો ઉપયોગ બંધ કરી દેવામાં આવ્યો છે. મોદીના સમયમાં રાજ્યમાં બાયો ડિઝલ બસ શરૂ કરાવમાં આવી હતી પરંતુ સરકારે એક જ મહિનામાં તેને બંધ કરી દીધી હતી. સરકારે કારણ એવું આપ્યું કે- અમને બાયો ડિઝલનો જથ્થો મળતો નથી. આને કહેવાય- વગર વિચાર્યે કોઈ ચીજનો અમલ કરવો... તાજેતરમાં રૂપાણી સરકારે એવી જાહેરાત કરી હતી કે સરકાર ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રિક બસ શરૂ કરવા જઈ રહી છે. જો આવી બસ ચલાવવી હોય તો પહેલાં તેની શરૂઆત સરકારથી જ થવી જોઈએ. મંત્રીઓએ સૌ પ્રથમ તેમના તમામ વાહનો બેટરી સંચાલિત કરી દેવા જોઈએ. પ્રદૂષણ મુક્ત ટ્રાન્સપોર્ટેશનમાં સરકારની ઈચ્છાશક્તિ ઉપરાંત અસરકારક અમલીકરણ હોવું જરૂરી છે, અન્યથા તે યોજનાનું હંમેશા બાળમરણ થાય છે.

### મોદીએ સ્વર્ણિમ સંકુલ છોડ્યા પછી ગુજરાતમાં CNG વાહનો અદ્રશ્ય થઇ ગયા છે

**કોંગ્રેસના બળવાખોરો- હમ તો ડૂબ ચૂકે હૈ...**

કોંગ્રેસમાંથી છલાંગ મારીને ભાજપમાં કૂદકો લગાવ્યો છે તેવા ૧૨ કે ૧૪ ધારાસભ્યોનું ભાવિ અદ્ધરતાલ બન્યું છે, કારણ કે રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ત્રીજા ઉમેદવારને જીતાડવા માટે પાર્ટી તો છોડી દીધી પરંતુ ભાજપમાં તેમને આવકાર મળતો નથી. ભાજપમાં જોડાયા ત્યારે સમૂહમાં હાથ ઉંચા કરી ફોટા પડાવ્યા પરંતુ આજે જેમના હાથમાં હાથ હતા તે હાથ દૂર થઈ રહ્યાં છે. કોંગ્રેસના આ આયાતી ઉમેદવારો સામે ભાજપમાં જ ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોની મોટી યાદી તૈયાર થઈ છે. ૨૦૧૨ની ચૂંટણીમાં જેમને ગાળો દીધી હોય, તેમના માટે ૨૦૧૭માં પ્રચાર કરવો એ કેટલી વિચિત્ર હાલત હોઈ શકે છે તે સમજી શકાય તેવું છે. જો કે કોંગ્રેસમાં તો એવું કહેવાય છે કે અમારી સાથે જેમણે ગદ્દારી કરી છે તેમને ચૂંટણીના મેદાનમાં સબક શિખવાડવો પડશે. એટલે કે જો ભાજપ આ બળવાખોરોને ટીકીટ આપે તો તેમને તો ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને બાજુથી માર જ ખાવો પડશે...

### ગુજરાત ભાજપમાં નવા CM કોણ હશે? યાર, જવા દો ને- એ દિલ્હીમાં બેઠાં હશે

**ચાલો તૈયાર થઇ જાવ- ચૂંટણી પંચ આવ્યું છે...**

ભારતનું ચૂંટણી પંચ ગુજરાતની મુલાકાતે છે. સોમવાર અને મંગળવાર એમ બે દિવસ સુધી ગુજરાતમાં મીટીંગોનો ધમધમાટ રહેશે. અચલ કુમાર જોતિ કે જેઓ મુખ્ય ચૂંટણી કમિશનર છે તેઓ અને તેમની સાથે ચૂંટણી કમિશનર ઓ.પી.રાવત અને સુનિલ અરોરા આવી રહ્યાં છે. ભારતના ચૂંટણી પંચના કુલ ૮ અધિકારીઓ સાથે હશે. ચૂંટણી પંચના આ અધિકારીઓ રાજ્યની વિવિધ પાર્ટીઓ સાથે ચર્ચા વિચારણા કરશે અને દિલ્હી પહોંચીને ચૂંટણીની તારીખ નક્કી કરશે. ગુજરાત માટે આ સપ્તાહ વધારે મહત્વનું છે, કેમ કે આ સપ્તાહના અંત સુધીમાં જ ચૂંટણીની તારીખ જાહેર થવાની છે. આ સપ્તાહના અંત સુધીમાં જ ચૂંટણીની આચાર સંહિતા આવવાની છે તેથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ કાર્યક્રમ ચૂંટણી પંચની મુલાકાત પહેલાં ગોઠવવામાં આવ્યો હતો. ગુજરાતમાં ચૂંટણી ડિસેમ્બરના પહેલા અથવા બીજા સપ્તાહમાં યોજાય તેવું લાગી રહ્યું છે.

**દિવાળી બાદ રાહુલ ગાંધી કોંગ્રેસના હાઇકમાન્ડ...**

ભારતમાં પહેલાં કેન્દ્ર ગુમાવ્યું પછી એક પછી એક પ્રદેશ ગુમાવ્યા છતાં કોંગ્રેસ હજી પણ ગાંધી પરિવારમાંથી બહાર આવી શકી નથી. ભાજપમાં જેમ મોદી તેમના સમર્થક નેતાઓના તારણહાર છે તેમ કોંગ્રેસના નેતાઓ ગાંધી પરિવારને પોતાના તારણહાર ગણે છે. આજે નહીં તો કાલે- કોંગ્રેસ સત્તામાં આવવાની છે તેવી તેમને આશા છે. ગાંધી પરિવાર એક એવો ચહેરો છે કે જે સમગ્ર દેશમાં છવાયેલો છે. રાહુલ ગાંધી દિવાળી પછી કોંગ્રેસના તારણહાર બની શકે છે. સોનિયા ગાંધી તેમનું પ્રેસિડેન્ટનું પદ છોડીને પુત્ર રાહુલને આપી શકે છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ દિલ્હી જઈને કહી આવ્યા છે કે- સર આપ આગળ વધો- અમે તમને ગુજરાતની દિવાળી ગિફ્ટ આપવાના છીએ. ગુજરાતમાં ચૂંટણીનો પ્રચાર જ્યારે ચરમ સીમાએ હશે ત્યારે દિલ્હીમાં રાહુલ ગાંધીની કોંગ્રેસના પ્રેસિડેન્ટ તરીકે તાજપોષી થશે તે નક્કી છે.

**ડેપ્યુટી ચીફ મિનિસ્ટરની નવી જગ્યા ઉભી થઇ છે...**

કોઈપણ પાર્ટીને રાજ્યોમાં શાસન સ્થિર શાસન જોઈતું હશે તો એક મુખ્યમંત્રીની ચાલશે નહીં. એક મુખ્યમંત્રીની ફોર્મ્યુલા હવે દેશમાં કામ નહીં કરે. ગુજરાતમાં પણ ૨૦૧૭ના અંતે ચીફ મિનિસ્ટર સાથે બે ડેપ્યુટી ચીફ મિનિસ્ટર શપથ લેશે. આ ફોર્મ્યુલા નક્કી છે. ગુજરાત હવે ઉત્તરપ્રદેશના પંથે છે. આને કહેવાય- “સૌનો સાથ સૌનો વિકાસ.”